# રાજા રવિ વર્માનાં ચિત્રોમાં પુરાકલ્પન

પટેલ વિધિ વિષ્ણુભાઈ
ગુજરાતી વિભાગ,
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત.
Email:- vidhipatel91983198@gmail.com
Mo:- 7016929700

## અમૂર્ત


આદિમાનવથી જે માનવ બનવાની પ્રક્રિયા છે તેમાં પ્રાચીન સમયથી આજદિન સુધી મનુષ્ય એક એવો જીવ છે જે કોઈના કોઈ માધ્યમથી અભિવ્યક્ત થતો આવ્યો છે. પોતાની લાગણીઓ અને અનુભવોને કૌશલપૂર્વક રજૂ કરવાની કળા ફક્ત માનવીને જ પ્રાપ્ત થઈ છે. આદિકાળથી આજદિન સુધી માનવજીવનના કોઈપણ સંસ્કૃતિ-તબક્કામાં, કોઈ પણ દેશનાં માનવીએ પોતાના વ્યવહાર-જીવનમાં તત્કાલ ઉપયોગી કહી શકાય નહીં તેવું સર્જન પણ રસપૂર્વક કર્યું છે, પછી તે સર્જન શબ્દમાં હોય કે રેખામાં, રંગમાં હોય કે ધ્વનિમાં. શરૂઆતના સમયે જ્યારે ભાષાનું માધ્યમ નહીં હોય ત્યારે અભિનય કે ક્રિયાથી આંગિક રીતે પોતાની વાત રજૂ કરી હશે. અભિવ્યક્તિના બીજા માધ્યમ તરીકે ભાષાનાં વિકાસ પછી ભાષા દ્વારા મનુષ્યએ સરળતાથી પોતાની વાત અન્યને સમજાવી હશે. મનુષ્ય પોતાની ક્રિયાઓ અને વર્તણુક દ્વારા પોતાની વૃત્તિ અને જુદાં જુદાં ભાવોને રજૂ કરે છે. મારે આ વિષય દ્વારા સમાજને અને પોતાને એ સમજાવું છે કે મનુષ્યએ આ નિમિત્તે કળા દ્વારા શું અભિવ્યક્ત કર્યું છે. ઉદાહરણ તરીકે જોઈએ તો આદિમાનવે પોતાના નખના લિસોટા ઝાડની છાલ પર કે ગુફાની દીવાલો પર જોયા હશે અને એમાંથી ધીમે ધીમે રેખાનો ખ્યાલ આવ્યો હશે. એમાંથી જ ચિત્રો દોરતો થયો, ચિત્રોમાંથી જ લિપિ અને લિપિ પરથી ભાષા સુધી પહોંચ્યો હશે. એ જ રીતે પક્ષીઓ અને ઝરણાંના અવાજની નકલ કરતા કરતા સંગીત આવ્યું હશે. આમ ચિત્ર, સંગીત કે અન્ય કોઈ પણ કળા દ્વારા પોતાને અભિવ્યક્ત કરતો રહ્યો. પ્રાચીન સમયે આ બધી લોકકળાઓ હતી. એનો કોઈ સંપૂર્ણ તાલીમ લીધેલ કલાકાર નહોતો. પરંતુ ધીમે ધીમે આ લોકકળાઓને શાસ્ત્રીય તાલીમ મળતા એ પ્રશિષ્ટ કળાઓમાં રૂપાંતર પામતી ગઈ.

## પ્રસ્તાવના

જે-તે દેશની લોકકળાનાં પરિવર્તનમાં સામાજિક અને ભૌગોલિક અસરની જેમ વિદેશી આક્રમણો પણ જવાબદાર રહ્યા છે. ભારતમાં ઘણી પ્રજાઓ આવી અને ગઈ, પરંતુ તે સમયે પરંપરાગત જે લોકકળાઓ હતી એમાં એટલા બદલાવ નથી આવ્યાં જેટલા અંગ્રેજ શાસનકાળમાં આવ્યાં છે. લોકો જેમ જેમ અંગ્રેજ હકૂમતના સંપર્કમાં આવતા જાય છે, તેમ તેમ લોકકળાઓને પ્રશિષ્ટતાના રંગે ઢાળતા જાય છે. અંગ્રેજ હકૂમતનો સમય ભારતમાં સોળે કળાએ ખીલેલો હતો. આ સમયે ભારતની દરેક વસ્તુ પર અંગ્રેજી પ્રભાવ હતો. સંસ્કૃતિ, સંસ્કાર, વેપાર-વાણિજ્ય, શિક્ષણ, સમાજ વ્યવસ્થા વગેરે ક્ષેત્રોમાં અંગ્રેજી કેળવણી અને ક્રાંતિના લક્ષણો જોવા મળતા હતા. એટલે સ્વાભાવિક જ કળાનું ક્ષેત્ર પણ એમાંથી બાકાત ન રહ્યું. એમાં પણ અન્ય કળાઓ કરતાં પશ્ચિમની ચિત્રકળાના સમસ્ત ભારત પરના પ્રભાવને પરિણામે જૂની પરંપરાગત ચિત્રણા અને વાસ્તવદર્શી ચિત્રણાથી અંજાયેલા કલારસિકોને કશુંક નવું જોઈતું હતું. આથી, જે ચિત્રકારો હતા એમણે મંદિરોમાં આવતા યાત્રાળુઓને આકર્ષવા નવા જ પ્રકારે ચિત્રો દોરવાનું શરૂ કર્યું. કળા ભારતીય સંસ્કૃતિમાં,

ભારતીયોના જીવનમાં તો વણાયેલી જ હતી પણ બ્રિટિશકાળમાં જૂની ભારતીય ચિત્રકળાની શૈલીઓ અને એની ઓળખ લુપ્ત થતી ગઈ. મુશ્કેલીના એ સમયે લોકોની આસ્થા ઈશ્વર પ્રત્યે વધવા લાગી. એટલે પૌરાણિક વિષયો પણ ચિત્રોમાં સ્થાન પામ્યાં. આ નવી શૈલીના ચિત્રોએ આગળ જતાં અનેક ભારતીય તેમજ વિદેશી ચિત્રકારોને પ્રભાવિત કર્યા હતા. તેથી તત્કાલીન સમયમાં પોથીચિત્રો અને લઘુચિત્રોની પોતીકી કહી શકાય એવી ભારતીય સમૃદ્ધ પરંપરાઓ અસ્ત થવા લાગી હતી. તેમજ ભારતમાં કળાશાળાઓનો આરંભ થયો, તેના પરિણામે વિદેશી શૈલી મુજબ આબેહૂબ આલેખનનો અભિગમ ભારતમાં આવ્યો અને ક્રમશઃ ભારતીય પરંપરાગત કળા વિસરાતી ગઈ. આથી કહી શકાય કે તે સમયે ચિત્રકળાએ નવા રૂપરંગ ધારણ કરવાનું શરૂ કર્યું હતું.

ઓગણીસમી સદીમાં આ ભારતીય કળાનું પુનરુત્થાન થયું. એમાં પ્રસિદ્ધ એવા ચિત્રકાર રવિ વર્માએ પ્રશંસનીય યોગદાન આપ્યું હતું. તેઓ આસ્તિક અને ભારતીય સંસ્કૃતિના સમર્થક હતા. એક લોકવાયકા મુજબ એવું જાણવા મળે છે કે શ્રી મુકાંબિકાદેવીના આશીર્વાદથી વિશ્વમાં તેમણે પ્રસિદ્ધિ મેળવી હતી. આપણને રવિ વર્માના ચિત્રોમાં નાયિકાઓની જે એકરૂપતા જોવા મળે છે, તેના માટે એવું કહેવાય છે કે એ દેવી-દર્શના પ્રભાવને કારણે છે. તેઓ રોજ લલિતા સહસ્ત્ર નામનો પાઠ કરતા અને શ્રી મૂકાંબિકાદેવીની (જે સવારના સમયે લક્ષ્મી, બપોરના સમયે દુર્ગા અને સાંજના સમયે સરસ્વતી એમ ત્રણેય શક્તિઓનો સમન્વય હોવાનું મનાય છે.) પૂજા-અર્ચના પણ કરતા. આ રીતે રવિ વર્માની છબીઓમાં રવીન્દ્રનાથ ટાગોરની કવિતાઓમાં નિરૂપિત ઉપનિષદીય સંસ્કૃતિ, વિવેકાનંદના ભાષણોમાં ઊભરાયેલી આધ્યાત્મિક સંસ્કૃતિ અને ગાંધીજીના અહિંસાત્મક અને સત્યાચરણ સિદ્ધાંતોના આદર્શોનું એકાકાર સ્વરૂપ જોવા મળે છે એવું કહી શકાય. એટલે જ ભારતીય કળાના ઇતિહાસકાર અને વિવેચક ગીતા કપૂર નોંધે છે કે-રવિ વર્મા આધુનિક ભારતીય કળાના નિર્વિવાદ પણે પિતામહ છે. સરળ તેમજ મહત્વકાંક્ષી એવા તેમણે વ્યવસાયિક કુશળતા દ્વારા વ્યક્તિગત પ્રતિભાને નિર્ધારિત કરવા, કલ્પનાશીલતાની અસર હેઠળ સાંસ્કૃતિક અનુકૂલનના વિવિધ પ્રકારોનું અવલોકન કરવા માટે, તેમજ ઐતિહાસિક દૃષ્ટિ અવકાશ સાથે સચિત્ર વર્ણનની કોશિશ કરવાની અનોખી બાબતમાં તેમના પછીના કલાકારો માટે ચર્ચા કરવા માટે અવકાશ પૂરો પાડ્યો છે.



**'રાજા રવિ વર્મા'માંથી-૨૦૨૧ (મુકાંબિકાદેવીની લક્ષ્મી, દુર્ગા અને સરસ્વતી ત્રણેય શક્તિઓનો સમન્વય)**

રાજા રવિ વર્માના જીવનમાં બાળપણથી જ કળાઓનો પ્રભાવ એટલે હતો કારણ કે તેમના માતા મકિયર તિરુનાલ ઉમા અમ્બાબાઈ સંગીતના જાણકાર હતા. તેઓ તેમના ગામના બાળકોને સંગીતની તાલીમ આપતા હતાં. તેમના પિતા વેદોના જાણકાર હતા. એટલે ઘરના મોટાભાગના સભ્યો કળાના જાણકાર અને વિદ્વાન હોવાની સાથે કાવ્ય, સંગીત વગેરે કળાઓમાં પ્રવીણ હતા. તે ઉપરાંત તેમના મામા દ્વારા અન્ય રાજાઓના સંપર્કમાં આવી રામાસ્વામી નાયડુ જેવા ગુરુ પાસે ચિત્રોની તાલીમ લીધી હતી. તેમજ જૉન્સન જેવા યુરોપિયન મહેમાન ચિત્રકારો પાસેથી પણ કળાશિક્ષણ અને માર્ગદર્શન મેળવ્યું હતું. આમ ભારતમાં આધુનિક ચિત્રકળાના પગરણ કરવામાં રાજા રવિ વર્માનું સ્થાન ખૂબ જ મહત્વપૂર્ણ સાબિત થયું છે. એવું કહેવામાં આવે છે કે ચિત્રોમાં ભારતીય અને પશ્ચિમી સૌંદર્યશાસ્ત્ર તથા વિવિધ ટેકનિકનું સમન્વયીકરણ કરવામાં હજુ સુધી ભારત પાસે રાજા રવિ વર્માનો વિકલ્પ જોવા મળ્યો નથી. આથી રાજા રવિ વર્મા અપૂર્વ અને અનન્ય ચિત્રકારની શ્રેણીમાં પોતાનું સ્થાન ધરાવે છે.

## રાજા રવિ વર્માના ચિત્રોમાં પુરાકલ્પન




**'રાજા રવિ વર્મા'માંથી-૨૦૨૧**

'રવિ વર્માનાં ચિત્રોમાં પુરાકલ્પન' એ વિષય પર વાત કરીએ એ પહેલાં પુરાકલ્પન કોને કહેવાય એ સરળ શબ્દોમાં કહીએ તો 'પુરા' એટલે 'જે થઈ ગયું છે તે' અને 'કલ્પન' એટલે સર્જક આ થઈ ગયેલી ઘટના કે પાત્રમાં પોતાની કલ્પનાનું ઉમેરણ કરે તે એટલે પુરાકલ્પન. આમ પુરાકલ્પન એટલે પૌરાણિક કે પ્રાચીન દંતકથાઓ Myth (મિથ), આખ્યાનો વગેરની સહાયથી વર્તમાન જીવનના કોઈ ને કોઈ અનુભવને અસરકારક રીતે અભિવ્યક્ત કરવાની પ્રયુક્તિ કે રીત. આજ પ્રયુક્તિનો ઉપયોગ રવિ વર્માનાં ચિત્રોમાં જોવા મળે છે. આમ વર્ષોથી શરૂ થયેલી કળાની યાત્રા વિશાળ છે. જેમાં સમયાંતરે બદલાવ આવતા જોવા મળે છે. એમાં કોઈ પણ કલાનું રૂપ ભલે લોકકળાઓમાં હોય કે પ્રશિષ્ટ કળામાં હોય તો પણ ચોક્કસ રીતે સમયને ઓળંગીને હજારો વર્ષ પછી પણ એ ભાવ, ક્ષણ વાત કે વિચારના સૌંદર્યને આપણે પામી શકીએ છીએ. આવી જ રીતે ચાલતી હજારો વર્ષ જૂની લોકચિત્રોની પરંપરા પછી રાજા રવિ વર્મા ચિત્રકળાની ચોક્કસ તાલીમથી કલ્પનાના આધારે તેમના વિચારો અને ભાવો ચિત્રોમાં રજૂ કરે છે. તે ઉપરાંત રવિ વર્મા પર રામાયણ, મહાભારત અને પુરાણો જેવા મહાગ્રંથોની અસર હોવાથી તેમજ કાલિદાસના પુસ્તકોમાંથી વારંવાર પ્રેરણા મેળવી પાશ્ચાત્ય ચિત્રશૈલીનો તેમના પર પ્રભાવ હોવા છતાં નવી ટેકનિકો સાથે તેમણે તેમના ચિત્રોમાં પૌરાણિકપાત્રો અને ઘટનાઓ લઈને તેમની કલ્પનાના રંગે ચિત્રોમાં 'પુરાકલ્પનનો' વિનિયોગ કર્યો છે.

રાજા રવિ વર્માને તેમના ચિત્રોમાં પૌરાણિક પાત્રો દર્શાવવા વડોદરાના મહારાજ સયાજીરાવ ગાયકવાડે સલાહ આપી હતી. રાજા સયાજીરાવ ઘણું ફરેલા અને ખૂબ ધાર્મિક હોવાથી તેમણે રાજા રવિ વર્માને રામાયણ અને મહાભારત જેવા ધર્મગ્રંથો તરફ આંગળી ચીંધતા કહ્યું કે જે ભારતની પરંપરા અને સાંસ્કૃતિક ચેતનાથી ભરપૂર છે. તેમજ સૌંદર્ય અને સત્યમ શિવમ સુન્દરમના મૂર્ત સ્વરૂપ રહેલા છે. હકીકતે આ બંને ધર્મગ્રંથોમાં ભારતનો સાચો આત્મા છુપાયેલો જોવા મળે છે. તેથી તમે આ ધાર્મિક ગ્રંથોનો સંદર્ભ લઈને ભારતીય જનમાનસને પ્રથમ નજરે જ સ્પર્શી જાય એ પ્રકારનાં ચિત્રો બનાવો. રાજા રવિ વર્માએ તરત જ આ સૂચનનો સ્વીકાર કરી પુરાકલ્પનની પ્રયુક્તિથી ચૌદ ચિત્રો આપ્યા હતા.

આ ચિત્રોના પોષાક માટે તેઓએ ભારત ભ્રમણ કર્યું હતું. ધર્મ અને જાતિના આધારે ભારતીય સંસ્કૃતિમાં ઘણું વૈવિધ્ય જોવા મળતું હતું એટલે રાજા રવિ વર્માએ પ્રથમ તો રાજસ્થાન, દિલ્હી, અવધ, કાશી, કલકત્તા વગેરે શહેરોની મુલાકાત લીધી હતી. પરંતુ વિવિધ પહેરવેશમાં જુદાંપણું જોવા મળતાં એમાંથી કોઈને આત્મસાત્ કરવાથી મહાભારત અને રામાયણનાં પાત્રોની આવશ્યકતા પૂર્ણ નહીં થાય અને વસ્ત્રોને ધારણ કરનાર પાત્રોને ચિત્ર જોનાર પસંદ નહીં કરે એમ વિચારી આગળ યાત્રા વધારી. તેમણે તાંજોર, માયાવરમ્, શ્રીરંગમ્, વગેરે સ્થાનોના મંદિરોનાં દર્શન કર્યા. વાર તહેવારે ઘણી જગ્યાઓ ફરી વસ્ત્રો, આભૂષણોનો અભ્યાસ કર્યો. આ યાત્રા દરમિયાન પહેરવેશમાં બાંધણી, રેશમ, ચંદેરી, પટોળા, બનારસી, પૈઠાણી, કાંજીવરમ વગેરે જેવી

સાડીઓ જોવા મળી. એટલે પૌરાણિક સ્ત્રી પાત્રોની સુંદરતા અને સંપૂર્ણતાનો અહેસાસ કરાવવા માટે સાડીની પસંદગી કરી. આની હકારાત્મક અસર આખા દેશ પર પડી. તે સમયે કેરળની સ્ત્રીઓ જે ફક્ત સફેદ ધોતી જેવી સાડી પહેરનારી હતી, એમણે રંગબેરંગી સાડીને અપનાવી. આ રીતે રવિ વર્મા પોતાનાં ચિત્રોમાં આવતી ભારતીય સ્ત્રીઓ માટે એ જ પહેરવેશ ઇચ્છતા હતા જેને દેશના લોકો પસંદ કરે. આ બાબત રવિ વર્માની અંદર રહેલી રાષ્ટ્રીય ભાવનાને પ્રગટ કરે છે. આ વાત તેઓ જ્યારે ૨૫ વર્ષની વયે અંગ્રેજી શિક્ષણ વિશે કહે છે કે અમે આ વિદેશી ભાષા તથા સભ્યતાને આગળ ક્યાં સુધી ચલાવીશું? જે આવ્યું છે તેને જવું જોઈએ. આ પરથી જાણવા મળે છે.

રવિ વર્મા પર પાશ્ચાત્ય ચિત્રશૈલીનો પ્રભાવ હોવા છતાં પણ પૌરાણિક પાત્રોને નવા રૂપરંગ આપી પુરાકલ્પનની પદ્ધતિથી તેમના ચિત્રોમાં જે રીતે રજૂ કરે છે. એના પરથી આપણે એક વાત માની શકીએ કે બાળપણથી જે ભારતીય સંસ્કૃતિથી પ્રભાવિત રહ્યા છે તેવા રવિ વર્મા આપણી ભવ્ય અને મહાન પરંપરાને ચિત્રના માધ્યમથી જાળવી રાખવાનો પ્રયત્ન કરે છે. તેમણે પોતાનામાં રહેલો દેશપ્રેમ અને સાંસ્કૃતિક ભાવબોધને જીવંત રાખવા, વિકસિત કરવા અને પોતાના દ્વારા નિર્મિત ચિત્રોમાં ઢાળવા માટે હંમેશા જાગ્રત પ્રયત્નો કર્યા હતા. આથી જ મહાન રાજા સયાજીરાવ ગાયકવાડની સલાહથી રામાયણ અને મહાભારત જેવા હિન્દુ ધર્મના મહત્વપૂર્ણ ગ્રંથોના સંદર્ભો લઈને તેના પરથી ચિત્રો દોરવાની પ્રેમભરી સલાહ રવિ વર્માએ સ્વીકારી હતી.


ભારતનો પ્રવાસ કરી, વારંવાર વ્યાસ, વાલ્મિકી, કાલિદાસ જેવા સર્જકોની રચનાનું ફરી અધ્યયન કરી ચિત્રોના સંયોજન અને મૂળભૂત પૌરાણિક વિચારો વિશે કોઈને વાત કર્યા વગર પોતાને જે લાગ્યું, પોતે જે અનુભવ્યું તેને મન ખોલીને ચિત્ર ફલકો (કૅનવાસ) પર રજૂ કર્યું. રવિ વર્માએ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાની પ્રેમથી એક રંગીન ચિત્રશ્રેણી તૈયાર કરી. તેમણે પોતાના ચિત્રોમાં ભારતનાં ઇતિહાસ પ્રસિદ્ધ અને પુરાણ સંબંધી પાત્રોને પોતાની કલ્પનાનું એક અનોખું નૂતન સ્વરૂપ આપ્યું. જેમાં ‘નળ તથા દમયંતી’, ‘શાંતનુ અને મત્સ્યગંધા’, ‘શાંતનુ અને ગંગા’, ‘રાધા અને માધવ’, ‘કંસની માયા’, ‘શ્રી કૃષ્ણ અને દેવકી’, ‘અર્જુન અને સુભદ્રા’, ‘સીતા સ્વયંવર’, ‘બાળક ભરત અને સિંહનું બચ્ચું’, ‘શ્રીકૃષ્ણનો જન્મ’ અને ‘કીચક અને સૈરંધ્રી’ જેવાં શિર્ષકોવાળા ચિત્રો રવિ વર્માએ દોર્યા હતા.



**‘રાજા રવિ વર્મા’માંથી-૨૦૨૧**

એમના દ્વારા મળેલા આ ચૌદ ચિત્રોમાંથી પ્રત્યેક ચિત્રનો પોતપોતાનો કથાત્મક ઈતિહાસ જોવા મળે છે. તે કથામાં ઇતિહાસના આધારે ભારતીય કવિઓએ કાવ્ય રચ્યાં છે. સયાજીરાવ માટે સર્જેલા આ ચિત્રો વડોદરાના લક્ષ્મી વિલાસ મહેલમાં આજે પણ સુરક્ષિત છે. આવાં ચિત્રોના ભાવનાત્મક ચિત્રણમાં રવિ વર્માએ અદ્ભૂત કુશળતા દર્શાવી છે. આ ચિત્રો સામાન્ય લોકોએ જોઈને રવિ વર્માને ચિત્રો વિશેના સાચાં અભિપ્રાયો પણ આપ્યા છે. લોકો આ ચિત્રો સામે ભક્તિભાવથી નમન કરતાં હતા. રવિ વર્માના ચિત્રોએ મુંબઈના લોકોમાં એક હલચલ મચાવી દીધી હતી. ભારતના ઇતિહાસ ગ્રંથોમાં પ્રસરેલી કથાઓ કેનવાસ પર જોઈને લોકો અવાક બની ગયા હતા. લોકો માટે આ પહેલો અનુભવ હતો. આ રીતે રવિ વર્માના ચિત્રોએ લોકોને ખૂબ જ આકર્ષિત કર્યા હતા.





**'રાજા રવિ વર્મા'માંથી-૨૦૨૧ (સરસ્વતી, લક્ષ્મી અને હંસ  દમયંતી સંવાદનું ચિત્ર)**

પૌરાણિક પાત્રોને આધારે બનાવેલા ચિત્રો માટે રાજા વર્માને સયાજીરાવ પાસેથી પચાસ હજાર રૂપિયા ઇનામ આપવામાં આવ્યું હતું. આ પૈસાની મદદથી ઈ.સ. ૧૮૯૪માં રવિ વર્માએ મુંબઈમાં સૌપ્રથમ વખત લિથોગ્રાફિક પ્રિન્ટિંગ પ્રેસની શરૂઆત કરી. તેના દ્વારા મુખ્યત્વે રામાયણ, મહાભારત અને પુરાણોને આધાર બનાવીને હિન્દુ દેવી-દેવતાઓનાં ચિત્રોની હજારો નકલો બહાર પાડી હતી. જેમાં લક્ષ્મી, સરસ્વતી, શકુંતલા વગેરેના મૂળ ચિત્રોની નકલોએ આખા દેશને ધાર્મિક ભાવનાથી જોડી દીધો. દેવીદેવતાનાં પહેલી વાર રંગબેરંગી ચિત્રોની નકલ દેશના ખૂણે ખૂણામાં, ઘરેઘરમાં પહોંચી. જેના લીધે અસ્પૃશ્ય, સામાન્ય લોકો કે જેમને મંદિરમાં પ્રવેશવાની મનાઈ હતી તેમને દેવી-દેવતા અને ભગવાનનાં વિવિધ ચહેરાઓ, રૂપો-હાથ પગ એમ સર્વાંગ રૂપનાં અને ભગવાનના દર્શન થયાં. લોકોએ હરખથી આ નકલોને પોતપોતાના ઘરના મંદિરોમાં ભગવાન તરીકે સ્થાપના કરી, તેની પૂજા કરી, તેની સામે દીવા-અગરબત્તી કરી. આ નકલોને કાચની છબીઓમાં મઢાવીને ઘરની શોભા વધારી. તેના પર ચાંદલા કર્યા, પૂરા મનહૃદયથી ભગવાન તરીકેનો સ્વીકાર કર્યો. આમ, ભગવાન કે જે ફક્ત ઉચ્ચ કુળ, વર્ણના લોકો માટે જ હતા અને ફક્ત મંદિરોમાં જ બિરાજમાન હતા તેને ત્યાંથી લઈને ચિત્રોના માધ્યમથી રવિ વર્માએ, લોકોના ઘરમાં, જાહેર સ્થળોએ શાળાઓમાં, દુકાનોમાં પહોંચાડવાનું કાર્ય સૌપ્રથમવાર કર્યું. ભારતની સાથો સાથ

યુરોપ અને દક્ષિણ-પૂર્વ એશિયાઈ દેશોમાં પણ રવિ વર્માના લિથોગ્રાફીક ચિત્રોનો ખૂબ પ્રચાર થયો.

રવિ વર્માને જેટલી પ્રસિદ્ધિ આ નવી ચિત્રશૈલીએ અપાવી હતી એટલાં જ વિવાદો પણ જગાડ્યા હતા. આ વિવાદોને કારણે સમાજમાં વૈચારિક સ્તરે ખળભળાટ મચી ગયો અને પ્રવર્તમાન સ્થિતિ વિશે સૌ કોઈ સવાલ ઉઠાવતા-ચર્ચા કરતાં થઈ ગયા. આમ રવિ વર્માનાં આધુનિક ચિત્રો સામે લોકોએ સામાજિક, સાંસ્કૃતિક અને વૈચારિક સ્તરે આંદોલન ઊભું કરી દીધું હતું. રવિ વર્માએ રામાયણ, મહાભારત અને પુરાણોમાં વર્ણવાયેલા દેવતાઓના ચિત્રો દોર્યાં હતાં. એમા અમુક ચિત્રોમાંની મહિલાઓનાં અનાવૃત, શરીર દેખાય એ રીતેના પોષાક દર્શાવ્યા હતાં. આ બધુ જોઈને તે સમયે કહેવાતી ધર્મસભાઓ અને વિવધ ધાર્મિક મંડળોમાં ઊહાપોહ મચ્યો અને અસંતોષ ફેલાયો હતો.

આ અસંતોષ સામે રવિ વર્માની ન્યાયાલયમાં ફરિયાદ નોંધાવવામાં આવી હતી. પરંતુ રવિ વર્માને પોતાના ચિત્રોમાં અશ્લીલ જેવું કંઈ ન લાગતાં તેઓ પોતેજ ન્યાયાલયમાં પોતાનો કેસ લડ્યા. અદાલતમાં પોતાની વાત રજૂ કરતાં રવિ વર્માએ ખજૂરાહોની મૂર્તિના લાવણ્યની વાત સમજાવી એ મૂર્તિના અંગોના વર્ણનથી ભારતીય સમાજને માન્ય એવા અદ્ભૂત કળા, સંસ્કૃતિ અને પરંપરાના પ્રતિકોની માહિતી આપી.  તેના કળાકારો સામે કોઈએ ગુનેગારો હોવાની ફરિયાદ નોંધાવી કેમ નથી? વગેરે દલિલો રજૂ કરતાં કહે છે કે... જે જોવા જેવું છે અને જેનાથી સૌ પરિચિત નથી તેનું સૌને દર્શન કરાવવું તે ચિત્ર અને ચિત્રકારનું મુખ્ય પ્રયોજન છે. જો એ ધ્યેય સિદ્ધ કરવા માટે કોઈ કોઈ વાર સામાજિક શિષ્ટાચારનો ભોગ આપવો પડે તો એમાં અયોગ્ય શું છે? કળાકારને અતિશયોક્તિ કરવાનો, જે સૃષ્ટિ છે તેથી વધારે સુંદર, સરળ અને શાતાદાયક સૃષ્ટિનું પોતાના સર્જનમાં નિરૂપણ કરવાનો સંપૂર્ણ અધિકાર છે. આ વાત રજૂ કરી રવિ વર્માએ ન્યાયાલયની સામે એક વાત સાબિત કરી બતાવી કે કળા ક્યારેય ભ્રષ્ટ નથી હોતી. વ્યભિચારી નથી હોતી. તે સદાય પવિત્ર જ હોય છે. પરમેશ્વર અથવા ઈશ્વર કોઈ એક વ્યક્તિ કે જ્ઞાતિની સંપત્તિ નથી જ, તે સર્વસામાન્ય અને સર્વમાન્ય સ્વયં સ્પષ્ટ તત્ત્વ છે. અંતે રવિ વર્માને ઉપરોક્ત કેસમાંથી નિર્દોષ જાહેર કરવામાં આવ્યાં હતા.

## ઉપસંહાર

આમ ‘રવિ વર્માના ચિત્રોમાં પુરાકલ્પનનો વિનિયોગ’ જોવા મળે છે. એમના ચિત્રો જોઈને આપણે કહી શકીએ કે એમના ચિત્રો ભારતીય પરંપરાને ઉજાગર કરે છે. આજે પણ વર્ષો પછી આ ચિત્રોમાં પૌરાણિક પાત્રોમાંથી ઉભરાઈ આવતું સૌંદર્ય આપણે માણી શકીએ છીએ. આ વાત થઈ ચિત્રકળાનાં સદર્ભે. એ સિવાય પણ અન્ય કળાઓનાં(શિલ્પ, સાહિત્ય, ફિલ્મ) સંશોધન વિજ્ઞાન કે વાણિજ્ય શાખાઓનાં સંશોધન કરતાં માનવને હજારો વર્ષ પછી પણ આનંદ આપી શકે છે. ઉદાહરણ તરીકે રવિ વર્માનાં ચિત્રો કે અન્ય કોઈના ચિત્રો, મોઢેરાનું સૂર્યમંદિર, અડાલજની વાવ

વગેરે જેવા શિલ્પ-સ્થપત્યોને વર્ષો પછી પણ જોનારને તે આનંદ આપે છે. જ્યારે અન્ય વિદ્યાશાખાઓનાં સાંસોધનથી પણ આનંદ તો મળે છે પણ તે થોડીક ક્ષણ પૂરતો હોઈ શકે છે. ઉદાહરણ તરીકે પંખો અને એ.સી. શોધવામાં આવ્યાં. આ ઉપકરણો જેટલો સમય વ્યક્તિ એના સંપર્કમાં હોય ત્યાં સુધી ગરમીથી રાહત આપે છે. તે સમય પૂરતો આનંદ મળી શકે છે, પરંતુ એના સંપર્કમાં ન હોઈએ તો એનું મૂલ્ય રહેતું નથી. જ્યારે સાહિત્યની કોઈ કૃતિ કે ફિલ્મ એક વાર વાંચ્યા કે જોયા પછી, વર્ષો પછી પણ માણસનાં ચિત્તમાં હોઈ શકે છે. એ માણસ ઈચ્છે ત્યારે ફરી એને યાદ કરી એમાંથી આનંદ મેળવી શકે છે. આમ સૂક્ષ્મ સ્તરનો આનંદ બાહ્ય સ્તરનાં આનંદ કરતાં વધુ મૂલ્યવાન હોય છે. આવો જ આનંદ અને મૂલ્ય રવિ વર્માનાં ચિત્રોમાં પણ જોવા મળે છે. રવિ વર્માનાં ચિત્રો આજે પણ આપણા પૌરાણિક ભૂતકાળની ઓળખ કરાવે છે. સમકાલીન બનાવે છે. તેમના ચિત્રો તે સમયથી આજદિન સુધી લોક અને શાસ્ત્રો વચ્ચે જોડાણ બન્યા છે. રવિ વર્માએ ભગવાનના કુળ અને અવતારોને પ્રત્યેક માનવો સાથે પરિચય કરાવ્યો છે. આ પરથી એવું કહી શકાય કે જ્યાં સુધી લોકોના મનમાં અને ઘરોમાં ભગવાન જીવંત રહેશે, ત્યાં સુધી રવિ વર્માની કળા પણ જીવંત રહેશે.

## સંદર્ભ સૂચિ:-


૧. કલાસંપદા- સં. નિસર્ગ આહીર, પ્ર.આ.- ૨૦૨૦

૨. રાજા રવિ વર્મા- ભરત ખેની, પ્ર.આ.- ૨૦૨૧

3. https://core.ac.uk/download/pdf/ .11821593pdf

૪. https://gujarativishwakosh.org